શ્રુતદીપ રિસર્ચ ફાઉંડેશનનો સંવાદ-સેતુ

# શ્રુતદીપ


॥ सुयं मे आउसं ॥

વિક્રમ સંવત ૨૦૭૯ • વર્ષ-૭ • અંક-૧ • જૂન-૨૦૨૩

## ધરોહર



જયપુરમાં સંજય સિંઘલ નામના ઉદ્યોગપતિ રહે છે. સિક્યોર મિટર્સ નામની કંપનીના માલિક હતા. નિવૃત્ત થયા પછી વિચાર કર્યો કે- 'દેશને માટે કંઇક કરવું છે.' નાનપણથી જ સંસ્કૃત અને સંસ્કૃતિમાં રુચિ, ૨૦૧૮માં કેનેડામાં વાનકુંવરમાં વર્લ્ડ સંસ્કૃત કોન્ફરન્સ ભરાઈ. તેમાં જિજ્ઞાસાવશ ભાગ લેવા ગયા. ત્યાં તેમણે અલગ-અલગ વિદ્વાનો અને કાર્યકર્તાઓને પૂછ્યું કે-'સંસ્કૃતના ક્ષેત્રે કામ કરવાની સહુથી મોટી સમસ્યા કઈ છે?' તેનો જવાબ મળ્યો કે- 'સંસ્કૃત ભાષાની હસ્તપ્રતો ઉપલબ્ધ થતી નથી. સંસ્કૃત ભાષાનું જ્ઞાન હસ્તપ્રતોમાં છુપાયેલું છે. તેની ઉપલબ્ધતા કરાવે તેવી કોઈ વ્યવસ્થા નથી.' સિંઘલ ભારત આવ્યા. તેમણે હસ્તપ્રતોની સ્થિતિ જાણી. તેઓ જાતે અનેક હસ્તપ્રત ભંડારોમાં ગયા. તેમણે અનુભવ્યું કે- જેમની પાસે હસ્તપ્રતો છે તેમની પાસે સાચવવાની કે તેને ઉપલબ્ધ કરાવવાની વ્યવસ્થા નથી. તે માટે ફંડ નથી. આ સમસ્યાના ઉકેલ માટે રસ્તા તપાસ્યા. ઘણું મનોમંથન કર્યું અને જાતે જ કોઇ માર્ગ કાઢવાનો વિચાર કર્યો. તેમણે પ્લાનીંગ કર્યું, લક્ષ્ય નક્કી કર્યું, સમયસીમા નક્કી કરી, ઉપાયયોજના



વિચારી. તે માટે પૈસાની વ્યવસ્થા પોતે જ કરી. પોતાની જીવનભરની કમાણી અને આવકનો એક મોટો ભાગ આ કામ માટે વાપરવાનો નિર્ધાર કર્યો. એક સંસ્થા બનાવી 'ધરોહર'. **ધરોહર** એટલે વારસો, પાયો. આ સંસ્થાના અન્વયે ફરી પાછા હસ્તપ્રતોના ક્ષેત્રે કામ કરતી સરકારી અને બિનસરકારી સંસ્થાઓની મુલાકાત કરી. તેમની કાર્યપદ્ધતિ જાણી. ત્યાર બાદ પોતે જ સૉફ્ટવેયર વિકસાવ્યું. હસ્તપ્રતોનું સ્કેનીંગ મોબાઈલ ફોનથી થઈ શકે તેવી પ્રોગ્રામ બનાવ્યો. www.sangrah.org નામની વેબસાઈટ તૈયાર કરી. આ વેબસાઈટ પર આજે ૫૦૦૦ હસ્તપ્રતોની માહિતી ઉપલબ્ધ છે. તેમાં હસ્તપ્રતની વિવરણાત્મક માહિતી છે. આ કામમાં મુશ્કેલી એ આવી કે- હસ્તપ્રતનું પહેલું કે છેલ્લું પાનું ન હોય તો કયા શાસ્ત્રની હસ્તપ્રત છે? તેમાં લખેલું શાસ્ત્રનું નામ શું છે? તે ખબર ન પડે. તે માટે તેમણે સંદર્ભ ડેટા તૈયાર કર્યો. એટલે વચલા પાનાંના વાક્યોને મેચ કરીને શાસ્ત્રનું નામ શોધી શકાય. આ ડાટા ખાનગી ન રાખ્યો. તેને વેબસાઈટ પર ઉપલબ્ધ કરાવ્યો છે. તેનો આધાર લઈને કોઈ પણ વ્યક્તિ તેની પાસે અધૂરી હસ્તપ્રત હોય તો તેમાં લખેલાં શાસ્ત્રનું નામ શોધી શકે છે.



આજ સુધી ૫૦૦૦ હસ્તપ્રતોનું સ્કેનિગ થયું છે અને આગામી વરસોમાં ૨૫ લાખ હસ્તપ્રતોની માહિતી ઉપલબ્ધ કરાવવાની તેમની ભાવના છે.

તા. ૧-૫-૨૦૨૩ના દિવસે પૂનામાં ગોળવલકર ગુરુજી વિદ્યાલયના ગણેશ સભાગૃહમાં સાંજે ૪.૩૦ કલાકે સંગ્રહ વેબસાઈટનો ઉદ્ઘાટન સમારોહ યોજાયો. આ સમારોહમાં રામજન્મભૂમિ ન્યાસના ટ્રસ્ટી સ્વામી **ગોવિંદદેવગિરિજી** મહારાજ ઉદ્ઘાટક તરીકે અને પુણે વિદ્યાપીઠના સંસ્કૃત વિભાગના નિવૃત્ત અધ્યક્ષ પ્રા. **સરોજા ભાટે** વિશેષ અતિથિ હતા. ભારત સરકારના સાંસ્કૃતિક રાજ્યમંત્રી મા. **શ્રી અર્જુનજી મેઘવાલ** વર્ચ્યુઅલી ઉપસ્થિત રહ્યા.

શ્રુતભવન તરફથી સર્વશ્રી **અમિતકુમાર ઉપાધ્યે, અમોઘ પ્રભુદેસાઈ, મદનદેવ ડોંગરે, ચિંતામણિ સૂર્યવંશી, પ્રભાકર બોધને** અને **લહુ માને** ઉપસ્થિત રહ્યા હતા. ટ્રસ્ટી **શ્રી રાજેંદ્રજી બાંઠિયા** અને **શ્રી નરેંદ્રજી છાજેડ** પણ ઉપસ્થિત રહ્યા હતા.

અજાણ્યું ક્ષેત્ર, સીમિત જાણકારી, મદદનો અભાવ, સ્થાનિક અને વ્યવસ્થાના પ્રશ્નો હોવા છતાં એક વ્યક્તિ- હા, કેવળ એક વ્યક્તિ-ગાંઠનું ગોપીચંદન કરીને હસ્તપ્રતોને સાચવવા દિવસરાત એક કરે છે, તે જાણીને આનંદ થાય અને આશા પણ જાગે કે આવા વિરલા જૈનશાસનમાં પણ જોવા મળે.

## વિવિધ ધર્મપરંપરાઓને અનુસારે 'વસુધૈવ કુટુમ્બકમ્'

વર્ષ ૨૦૨૩ના ઉત્તરાર્ધમાં થનાર G૨૦ રાષ્ટ્રોના શિખર સંમેલનનું અધ્યક્ષસ્થાન ભારતને મળ્યું છે. આ સંમેલનમાં વિવિધ સામાજિક સમસ્યાઓ ઉપર પોતાની નીતિઓ નિર્ધારિત કરીને G૨૦ના સભ્ય રાષ્ટ્રોના પ્રતિનિધિઓ સામે પ્રસ્તુત કરાશે.

આ સંદર્ભમાં ભારત સરકારે ૨૦ અશાસકીય સંસ્થાઓના સમૂહનું C૨૦ એ નામથી ગઠન કર્યું છે. આ સંસ્થાઓ દેશભરમાં વિવિધ વિષયોના વિદ્વાનોને બોલાવીને ચર્ચાસત્રોનું આયોજન કરી રહી છે. વિદ્વાનો દ્વારા મળેલ અભિપ્રાયોના આધારે ભારત સરકાર વિવિધ પ્રશ્નો પર પોતાની નીતિઓ તૈયાર કરીને G૨૦ના પ્રતિનિધિઓની સામે મૂકશે.

આ સંદર્ભમાં C૨૦ સમૂહની સભાસદ સંસ્થા 'વિવેકાનંદ કેંદ્ર'ના પૂના વિભાગે તારીખ ૨૪ એપ્રિલથી ૨૭ એપ્રિલ ૨૦૨૩ સુધી વિવિધ વિષયો પર Policy Dialoguesનું આયોજન કર્યું હતું. ૨૭ એપ્રિલ ૨૦૨૩ ના દિવસે 'વસુધૈવ કુટુમ્બકમ્ વિવિધ ધાર્મિક પરંપરાઓ દૃષ્ટિએ' (Vasudhaiv Kutmbakam- Scriptural Perspective of Various Traditions) આ વિષય



પર ચર્ચાસત્રનું આયોજન કરાયું હતું. આ ચર્ચાસત્રમાં શ્રુતભવન તરફથી રિસર્ચ એડિટર **અમોઘ પ્રભુદેસાઇ** સહભાગી થયા. તેમણે **'જૈન ધર્મની દષ્ટિએ વસુધૈવ કુટુમ્બકમ્ (વસુધૈવ કુટુમ્બકમ્) અને શાંતિમય સહઅસ્તિત્વ'** આ વિષય પર પ્રાચીન ગ્રંથોના આધારે વિચાર પ્રગટ કર્યા.

પોતાના વક્તવ્યમાં તેમણે જૈન ધર્મના અહિંસા, અપરિગ્રહ અને અનેકાંતવાદ આ સિદ્ધાંતો પર ભાર આપ્યો. જૈન ધર્મની અહિંસા ફક્ત મનુષ્યજાતિ સુધી સીમિત નથી, પણ મનુષ્યેતર જીવોના રક્ષણનું પણ ધ્યાન રાખે છે. વસુધૈવ કુટુમ્બકમ્ આ વિચાર મનુષ્યેતર જીવોના સંરક્ષણ વગર પૂર્ણ થઇ શકતો નથી. 'મનુષ્યેતર જીવ, મનુષ્યના ઉપભોગ માટે બનેલ છે' આ પ્રકારની ઉપભોગવાદી દૃષ્ટિ જૈન ધર્મ સ્વીકારતો નથી. સર્વસમાવેશક અહિંસા જ વસુધૈવ કુટુમ્બકમ્ના લક્ષ્યને સિદ્ધ કરી શકે છે. લોકોનો વધતો પરિગ્રહ અને ઉપભોગવાદી વૃત્તિને કારણે પર્યાવરણનો નાશ થઇ રહ્યો છે. જમીન, પાણી, તેલ આદિના લોભથી રાષ્ટ્રોમાં પરસ્પર સંઘર્ષ વધી રહ્યો છે. આમાં વસુધૈવ કુટુમ્બકમ્ની સંકલ્પનાને નુકસાન પહોંચી રહ્યું છે. આમાં અપરિગ્રહનો જૈન સિદ્ધાંત કામ આવી શકે છે. પોતાની જરૂરિયાતો ઓછી કરવાથી, જરૂરિયાતથી વધારે સંગ્રહ ન કરવાથી અને પોતાની સાથે સાથે અન્યની જરુરિયાતોનો વિચાર કરવાથી શાંતિમય સહઅસ્તિત્વ દૃઢ થઈ શકે છે. સાથે જ, શાંતિમય સહઅસ્તિત્વના ઉદ્દેશ્યમાં અનેકાંતવાદ પણ ઉપયોગી સાબિત થશે. એકાંતવાદથી સંઘર્ષ વધે છે. પરંતુ અનેકાંતવાદ સમાધાન, સામંજસ્ય અને સહિષ્ણુતા શીખવે છે, જે વસુધૈવ કુટુમ્બકમ્ની સંકલ્પનાને વ્યવહારમાં લાવવામાં આવશ્યક છે.



આ ચર્ચાસત્રમાં કુલ નવ ધર્મોના વિદ્વાનોએ પોતાના વિચાર પ્રસ્તુત કર્યા, જેમાં જૈન ધર્મની સાથે ક્રિશ્ચન, પારસી, યહૂદી, ઇસ્લામ, શીખ, બૌદ્ધ અને વૈદિક-હિંદૂ પરંપરાઓના પ્રતિનિધિ ઉપસ્થિત હતા.

આ ચર્ચાસત્રનું અધ્યક્ષસ્થાન રામકૃષ્ણ મઠ, પૂનાના અધ્યક્ષ સ્વામી **શ્રીકાંતાનંદજી મહારાજે** નિભાવ્યું. પોતાના વક્તવ્યમાં તેમણે વસુધૈવ કુટુમ્બકમ્ની દૃષ્ટિથી બધા ધર્મના લોકોએ અન્ય એક-બીજાનો આદર કરવાની આવશ્યકતા પર ભાર આપ્યો. બધા ધર્મમાં એક કર્મકાંડનો ભાગ હોય છે અને બીજો મૂળભૂત શાશ્વત સિદ્ધાંતનો ભાગ હોય છે. આપણે કર્મકાંડોની સાથે તે શાશ્વત તત્ત્વ તરફ ધ્યાન આપવું જોઇએ, એવું પ્રતિપાદન તેમણે કર્યું.

આ ચર્ચાસત્રમાં સહભાગી થવું અનેક પ્રકારે લાભદાયક રહ્યું. આપણા દેશની આંતરરાષ્ટ્રિય નીતિઓના નિર્માણ માટે અભિપ્રાય આપવાનો અવસર મળવો ગૌરવાસ્પદ છે. સાથે જ અન્ય ધર્મોના વિદ્વાનોને મળવું અને તેમના વક્તવ્ય સાંભળવા આ બધું જ્ઞાનવર્ધક રહ્યું. ઉપસ્થિત વિદ્વાનોને શ્રુતભવનની જાણકારી આપવામાં આવી. શ્રુતભવનમાં ચાલતું કાર્ય જાણીને બધા પ્રસન્ન થયા અને તે પ્રાચીન જ્ઞાનના સંરક્ષણના કાર્યની તેમણે અનુમોદના પણ કરી.

## સમાચાર - પદાર્પણ

### પ. પૂ. આ. શ્રી યુગચંદ્રસૂરીશ્વરજી મ.સા.



તા.૨૦-૦૨-૨૦૨૩ સોમવારના શુભદિને સિદ્ધહસ્તસાહિત્યસર્જક પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય **પૂર્ણચંદ્રસૂરીશ્વરજી** મ.સા.ના પટ્ટધર, પ્રવચન શ્રુતતીર્થ પ્રેરક પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ વિજય **યુગચંદ્રસૂરીશ્વરજી** મ.સા. આદિ શ્રુતભવન અવલોકન માટે આવ્યા. વર્તમાન કાર્ય અને પ્રવૃત્તિઓ જોઈને ખૂબ આનંદિત થયા.

**પૂજ્યશ્રીએ તેમના આશીર્વચનમાં કહ્યું.....**




**'શ્રુતભવન' ની એક દિવસીય ક્ષેત્ર-સ્પર્શના આનંદદાયી રહી. ગણિવર શ્રી વૈરાગ્યરતિવિજયજી મહારાજ સાથે આત્મીયતાભરી બેઠકમાં 'શ્રુત'ની વર્તમાનની સ્થિતિ-પરિસ્થિતિ અંગે ખૂબજ ગંભીરતાથી વિચાર-વિમર્શ થયો.**

**'શ્રુતરક્ષા'ના પ્રયાસમાં પરસ્પર સહયોગ પ્રદાન બાબતે બહુજ ઔદાર્યભાવ જોવા મળ્યો. તમે સૌ પણ સૌભાગ્યશાળી છો કે શ્રુતના કાર્યમાં સહભાગી બનવાનો અવસર તમને મળ્યો છે.**

### પ. પૂ. આ. શ્રી યશોવિજયસૂરીશ્વરજી મ.સા.



રવિવાર ૧૨-૦૩-૨૩ના રોજ ભક્તિયોગાચાર્ય ગચ્છાધિપતિ પરમ પૂજ્ય આચાર્ય દેવ શ્રીમદ્ વિજય



**યશોવિજયસૂરીશ્વરજી** મ.સા. આદિ ૯૬ સાધુ-સાધ્વીજી ભગવંતના પવિત્ર પદાર્પણથી શ્રુતભવન સંશોધન કેન્દ્રની ઉર્જા નિર્મળ બની હતી. વર્તમાન કાર્ય અને પ્રવૃત્તિઓ જોઈને પૂજ્યશ્રી ખૂબ ખુશ થયા.

પૂજ્યશ્રીએ તેમના આશીર્વચનમાં કહ્યું.....

**हमारी प्राचीन धरोहर का कितने सुंदर ढंग से संरक्षण/ संवर्धन करने का प्रयत्न विद्वद्वर्य वैराग्यरतिविजयजी म. के तत्त्वावधान में हो रहा है। श्रुतसेवा की यह प्रवृत्ति खूब विकास साधे यही मनःकामना।**

### પ. પૂ. આ. શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મ.સા.



તા. ૧૦-૦૪-૨૦૨૩ના દિવસે શ્રુતસમુદ્ધારક, પ્રાચીન હસ્તપ્રતોના સંરક્ષક, શ્રી મહાવીર જૈન આરાધના કેંદ્ર-કોબાના પ્રેરક, રાષ્ટ્રસંત, પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ **પદ્મસાગરસૂરીશ્વરજી** મ.સા. પરિવાર સાથે શ્રુતભવન પધાર્યા. અહીં થયેલું કામ જોઈને આનંદિત થયા.

પૂજ્યશ્રીએ તેમના આશીર્વચનમાં કહ્યું.....



**यहां ज्ञान के क्षेत्र में जो कार्य चल रहा है, जानकर प्रसन्नता हुई। जैन संघ में इस प्रकार के कार्य में सहयोग मिले तो इस कार्य का सुंदर विकास होगा। संस्था अपने कार्य में सुंदर सफलता प्राप्त करे यही मेरी शुभकामना.........**

---



### પ.પૂ. ગ. શ્રી મયંકપ્રભસાગર મ.સા. તથા પ.પૂ. આર્ય મેહુલપ્રભસાગર મ.સા.

તા. ૧૬-૦૪-૨૦૨૩, રવિવારના દિવસે ખરતરગચ્છના પરમ પૂજ્ય ગણિવર્ય **મયંકપ્રભસાગરજી** મ.સા. અને પરમ પૂજ્ય આર્ય **મેહુલપ્રભસાગરજી** મ.સા. શ્રુતભવન પધાર્યા. પૂજ્ય ગુરુદેવ સાથે શ્રુત વિષે ચર્ચા થઈ.

પૂજ્યશ્રીએ તેમના આશીર્વચનમાં કહ્યું.....

**पूज्य गणिवर्य वैराग्यरतिविजयजी महाराज वर्षों से निरंतर यहां भागीरथ कार्यों में मार्गदर्शक है। स्नेह-वात्सल्यपूर्ण भावों के साथ श्रुत-सेवा के संप्रेरक गणिवर्यजी से नानाविध प्रकल्पों के बारे में विस्तृत जानकारी संप्राप्त कर मन अत्यंत प्रमुदित है। वर्धमान जिनरत्न कोश में अनेक कृतियों का अन्वेषण कर संवर्धन करना स्तुत्य है।**

**यह प्रकल्प वर्तमान पीढी के साथ आनेवाली पीढीयों के लिए मार्गदर्शक होगा। श्रुत-भक्ति की अनेकशः अनुमोदना के साथ हार्दिक अभिनंदन!**

---



તા. ૧૯-૧૩-૨૦૨૩ના દિવસે મણિમાજી પરિવાર **શ્રુતભવન** આવ્યો હતો. બધાએ શ્રુતભવનની વર્તમાન કાર્ય અને પ્રવૃત્તિઓનું અવલોકન કર્યું.

પરિવારજનોએ લાભ લીધેલ ૧૧ સૂચિપત્રોનું વિમોચન કર્યું હતું. શ્રુતભવનના ટ્રસ્ટીઓ દ્વારા શાહ પરિવારનું સન્માન કરવામાં આવ્યું હતું.

| તારીખ | પૂજન | લાભાર્થી |
|---|---|---|
| ૪-૪-૨૩ | શ્રી વર્ધમાન વિદ્યા પૂજન | સીટી વુડ યાત્રા ગ્રુપ, સેલેસબરી પાર્ક |
| ૬-૪-૨૩ | શ્રી સિદ્ધચક્ર પૂજન | શ્રી અમિતજી દિનેશજી પરમાર, કોંઢવા |
| ૩૦-૪-૨૩ | શ્રી વર્ધમાન વિદ્યા પૂજન | શ્રી અમિતજી દિનેશજી પરમાર, કોંઢવા |
| ૧૯-૫-૨૩ | શ્રી મહાવીરજિન મંગલ પૂજા | સૌ લતાબેન વિજયભાઈ નિબજિયા, સેલેસબરી પાર્ક |

### પ્રીતિસંગમ પર્વ



તા. ૦૭-૦૫-૨૦૨૩ રવિવારના દિવસે સંયમ ધર્મ અને શ્રુતધર્મના અનુમોદન તરીકે પ્રીતિસંગમ પર્વ ઉજવવામાં આવ્યું હતું. પરિચિતોએ આદરણીય ગુરુદેવની ઘણી પ્રશંસા કરી.

આ અવસરે **શ્રી વિજયજી ભંડારી** (ઉપાધ્યક્ષ જિતો), **શ્રી મિલિંદજી ફડે, શ્રી જિનેંદ્ર લોઢા, શ્રી ચેતનજી ભંડારી, શ્રી દિનેશ ઓસવાલ જિરાવાલા, શ્રી મંગેશજી કટારિયા, શ્રી દિલીપજી વિનાયકીયા, શ્રી પંકજજી કર્નાવટ, શ્રી સુજીતજી ભટેવારા, શ્રી સંજયજી રાઠોડ, શ્રી અભિજિતજી ડુંગરવાલ, શ્રી અમિતજી સોલંકી, શ્રી આનંદજી ચોરડિયા, શ્રી રોહિતજી બોરાના, શ્રી રાહુલજી સંચેતી, શ્રી દીપકજી ખિંવસરા, શ્રી અમોલજી કુચેરિયા** આદિ જિતો મેંબર, **શ્રી જયંતીભાઈ શાહ** (ચોઇસ પરિવાર), **શ્રી અશોકભાઈ નિબજિયા** (કોલ્હાપુર), **શ્રી દિનેશજી મહેતા** (ડિવાઈન), **શ્રી દીપકજી મહેતા, શ્રી સંજયજી ગાંધી, શ્રી ફૂલચંદજી, શ્રી સુરેંદ્રજી ઓસ્તવાલ, શ્રી રમેશજી ગાંધી, શ્રી હસમુખભાઈ રાઠોડ** આદિ ઉપસ્થિત હતા.

આ અવસરે શ્રુતભવન દ્વારા પ્રકાશિત દસ ગ્રંથોનાં સેટ તથા **મૃત્યુ કા મેનેજમેંટ** (હિંદી) અને **વનવગડે વિહરે વીર** (ગુજ.) આદિ પુસ્તકોનાં વિમોચન થયા

---

### શ્રુતભવન પ્રસ્તુતિ



તા.૨૧-૦૫-૨૦૨૩ રવિવારના દિવસે પૂજ્ય આચાર્ય શ્રીમદ્ વિજય **મહાબોધિસૂરીશ્વરજી** મ. સા.ની નિશ્રામાં મહારાષ્ટ્ર રાજ્ય વિહાર સેવા ગ્રુપનું વાર્ષિક સંમેલનનું આયોજન કર્યું હતું. સંમેલનમાં ૧૦૦૦થી વધુ યુવકોનો સહભાગ હતો. પૂજ્ય આચાર્યશ્રીએ શ્રુતભવન વિશે માહિતી આપી હતી. ત્યાં **શ્રુતભવન પ્રસ્તુતિ સ્ટૉલ** રાખવામાં આવ્યો હતો.

---

### ઉપમિતિભવપ્રપંચ કથાનો પ્રાકટ્ય દિવસ



તા. ૨૪-૦૫-૨૦૨૩ બુધવારના દિવસે શ્રુતભવનમાં **ઉપમિતિભવપ્રપંચકથા** ગ્રંથના પ્રાકટ્ય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. પૂજ્ય ગુરુદેવને ગ્રંથ અને ગ્રંથકારનો પરિચય આપ્યો.

---

### લિપિ અધ્યયન



સા. શ્રી જિનરત્નાશ્રીજી મ., સા. શ્રી **મધુરહંસાશ્રીજી** મ. અને સા. શ્રી **ધન્યહંસાશ્રીજી** મ.એ **૨૧ સાધ્વીજી** ભગવંતને પ્રાચીન દેવનાગરી લિપિ શીખવી.

## કાર્યવિવરણ

શાસ્ત્ર સંશોધન પ્રકલ્પ અંતર્ગત **ઉપા. શ્રીવિનયવિજયજી કૃતિસંગ્રહ, પં. શ્રી નેમકુશલજી કૃતિસંગ્રહ, પૃથ્વીચંદ્રચરિત્ર, ગૌતમસ્વામિ સ્તોત્ર સહ ટીકા, છંદવિષયક ગ્રંથ, પ્રાકૃત લઘુકૃતિસંગ્રહ** આદિ ગ્રંથોનું સંપાદન કાર્ય ચાલુ છે. પૂ. સા. **શ્રી મધુરહંસાશ્રીજી મ. જયંતિશ્રાવિકાસંધિ, આત્મનિંદા** આદિ ગ્રંથોનું લિપ્યંતર કરે છે. પૂ. સા. **શ્રી ધન્યહંસાશ્રીજી મ. પાર્શ્વજિનસ્તવ** ગ્રંથનું લિપ્યંતર કરે છે. અભ્યાસ વર્ગ પ્રકલ્પમાં વિભિન્ન ગ્રંથોનું, સંપાદનવિધાની પદ્ધતિનું અધ્યયન ચાલુ છે.

**વર્ધમાન જિનરત્નકોશ** પ્રકલ્પ અંતર્ગત પૂ. આ **શ્રી મુનિચંદ્રસૂ.** મ.સા., પૂ. આ **શ્રી હર્ષસાગરસૂ.** મ.સા., પૂ. આ **શ્રી હર્ષવર્ધનસૂ.** મ.સા., પૂ. પં **શ્રી મુક્તિકલ્યાણવિ.** મ.સા., પૂ. મુ. **શ્રી ધર્મરત્નવિ.** મ., પૂ. મુ. **શ્રી શીલચંદ્રવિ.** ગ., પૂ. મુ. **શ્રી વંદનરુચિવિ.** મ., પૂ. મુ. **શ્રી ચંદ્રદર્શનવિ.** મ., પૂ. મુ. **શ્રી વિમલયશવિ.** મ., પૂ. મુ. **શ્રી મંગલયશવિ.** મ., પૂ. મુ. **શ્રી ભવ્યસુંદરવિ.** મ., પૂ. મુ. **શ્રી તીર્થયશવિ.** મ., પૂ. મુ. **શ્રી પ્રભુશાસનરત્નવિ.** મ., પૂ. મુ. **શ્રી દીપરત્નસાગર** મ., પૂ. મુ. **શ્રી અસંગયોગવિ.** મ., **પ્રા. પીટર ફ્લુગલ** તથા **ડૉ. શીતલ શાહને** હસ્તપ્રત સંબંધિ માહિતી પ્રદાન કરવાનો લાભ મળ્યો.

## પ્રાચીન શ્રુતસંપદાના સમુદ્ધાર અર્થે સમુદાર સહયોગ આપનારા મહાનુભાવોની નામાવલી

ઝેટસ્ કૉસ્મેટિક્સ્ પ્રા. લિ., મુંબઈ
શ્રી મુકુંદ ભવન ટ્રસ્ટ, પુણે
શ્રી હરેનભાઈ કાંતિલાલ શાહ, પુણે
જયપ્રકાશ ફાઉંડેશન, પુણે
શ્રી અભયજી શ્રીશ્રીમાળ, અભૂષા ફાઉંડેશન, ચેન્નઈ
શ્રી આદિનાથ સોસાયટી જૈન ટેંપલ ટ્રસ્ટ, પુણે
શ્રી મુલુંડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, મુંબઈ
શ્રી હસમુખલાલ ચુનિલાલ મોદી ચેરિટેબલ ટ્રસ્ટ, મુંબઈ
ઝુંબરબેન કીર્તિકુમાર ઓસવાલ, પુણે
શ્રી કચ્છ વિશા ઓસવાલ જૈન મહાજન, કચ્છ
શ્રી કિંજલ શૈલેશભાઈ શાહ, અમદાવાદ
સૌ. કવિતાબેન રિતેશભાઈ કોઠારી, પુણે
શ્રીમતી વસંતપ્રભાબેન કાંતિલાલ શાહ, પુણે
શ્રી કમલનયન કાંતિલાલ શાહ, પુણે
શ્રી સુરેશભાઈ શેઠ, પુણે
સૌ. ઉર્વશીબેન ડી. શાહ, પુણે
શ્રી સુધીરભાઈ એસ. કાપડિયા, મુંબઈ
શ્રી મહાવીર સ્વામી જૈન દેરાસર, મુંબઈ
શ્રી ભીમરાજજી વીરચંદ બાઠિયા, પુણે
શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જૈન દેરાસર ટ્રસ્ટ, મુંબઈ

## ચાતુર્માસ સ્થલ અને સંપર્કસૂત્ર

**શ્રુતરત્ન પૂજ્ય ગણિવર વૈરાગ્યરતિવિજયજી મ.સા.**
સુજય ગાર્ડન જૈન સંઘ,
સુજય ગાર્ડન, મુકુંદનગર, પુણે-૪૧૧૦૩૭
મો. ૭૭૪૪૯૮૦૨૫૬

**કવિરત્ન પૂજ્ય મુનિરાજ શ્રી પ્રશમરતિવિજયજી મ.સા.**
Shree Nandprabha Jain Tirth Bhumi Bhakti Trust.
Near Jain Temple, Barakar, Post- Palmo,
Ps- Mufassil, Giridih (Jharkhand) Pin-825108.
Pankaj Kumar - 8521558265

**પૂજ્ય સા. શ્રી જિનરત્નાશ્રીજી મ.સા. આદિ**
સુજય ગાર્ડન જૈન સંઘ,
સુજય ગાર્ડન, મુકુંદનગર,
પુણે-૪૧૧૦૩૭

## સુવાક્ય

**उद्यमथी जलबिंदुओ ए, करे पाषाणमां ठाम तो।**
**उद्यमथी विद्या भणइ ए, उद्यम जोडइ दाम तो ॥५.१०॥**
उपाध्याय श्री विनयविजयजी विरचित
श्री वर्धमानजिन स्तवन (पंचकारण गर्भित)
સતત મહેનત કરવાથી પાણીનું ટીપું પથ્થરમાં જગ્યા બનાવી લે છે.
સતત મહેનત કરવાથી જ વિદ્યા ભણી શકાય છે.
સતત મહેનત કરવાથી પૈસાની કમાણી થઇ શકે છે.

**Printed Matter**
Posted under clause 121 & 114 (7) of P & T Guide

To,

**From : Shrutbhavan Research Centre**
**(Initiation of Shrutdeep Research Foundation)**
47/48, Achal Farm, Nr. Sachchai Mata Mandir, Ahead of Jain Agam Temple, Katraj, Pune-411046
Mo. 07744005728 Email : shrutbhavan@gmail.com Website : www.shrutdeep.com

For Informative and Inspirational speeches about Shrut please subscribe our Shrutbhavan YouTube channel
Shrutbhavan Pune